પોલીસ ઈન્સ્પેક્ટરની કચેરી
ઓઢવ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર.
ફોન નં-૦૭૯-૨૨૯૦૨૪૨૫.ઈ-મેઈલ-POLSTN-ODHAV-AHD@GUJARAT.GOV.IN
પોલીસ કંટ્રોલરૂમ નં-૦૭૯-૨૫૬૨૭૫૧૦.

# પ્રેસનોટ

## અન ડિટેક્ટ મિલ્કત સંબંધી ગુના શોધી કાઢતી ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટીયા સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ શ્રી નિપુણા તોરવણે સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ શ્રી વાસમસેટ્ટી રવિ તેજા સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ" ડીવીજન શ્રી.એન.એલ.દેસાઇ સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર.જી.જાડેજા ઓઢવ પો.સ્ટેશન નાએ મિલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે સર્વેલન્સ સ્કોર્ડ પો.સ.ઈ. આર.એ.ઝાલા તથા એ.એસ.આઇ ચંદુભાઇ મગનભાઇ બ.નં.૭૯૮૫ તથા અ.હેડ.કોન્સ દિલીપસિંહ કિશોરસિંહ બ.નં-૭૫૮૯, લોકરક્ષક હરદિપસિંહ ભગીરથસિંહ બ.નં-૧૩૩૨, લોકરક્ષક યુવરાજસિંહ જુવાનસિંહ બ.નં-૧૨૭૯૧, લોકરક્ષક ધીરૂભાઇ જીવણભાઇ બ.નં-૧૧૬૬૨, લોકરક્ષક કરણ ગીરધરભાઈ બનં.૧૨૭૮૧ એ રીતેના સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગ હતા દરમ્યાન સાથેના લોકરક્ષક હરદિપસિંહ ભગીરથસિંહ તથા લોકરક્ષક યુવરાજસિંહ જુવાનસિંહ નાઓને મળેલ સંયુક્ત બાતમી આધારે ઓઢવ ફાયર બ્રીગેડ બાજુમા મ્યુ.ની ઝોનલ ઓફીસ આગળથી નીચે જણાવેલ ઘરફોડ ચોરીના ગુનામાં સંડોવાયેલ આરોપીઓ નં.(૧). ભરતસિંહ સ/ઓ બાબુસિંહ પરમાર ઉ.વ.૨૪, રહે.મનં.૯, અંબીકા સોસાયટી, નવા બજાર, કરજણ, વડોદરા મુળગામ.સુરાના તા. થાણા.સાઈલા જી.જાલોર, રાજસ્થાન તથા નં-(૨). ખેતસિંહ સ/ઓ જેટુસિંહ નાથુસિંહ ચૌહાણ ઉ.વ.૨૫, રહે. ગામ.બાકરા થાણા.બાગરા તા.જાલોર રાજસ્થાન નાઓને તા.૦૮/૧૧/૨૦૧૯ ના ક. ૨૦/૧૫ વાગે પકડી કાર્યવાહી કરી અન ડિટેક્ટ મિલ્કત સબંધી ગુનાઓ ડિટેક્ટ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(૧)ઓઢવ પો સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં-૧૬૫/૧૯ ઈપીકો કલમ.૪૫૪,૪૫૭,૩૮૦,૧૧૪ મુજબ

(૨)ઓઢવ પો.સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૬૬/૧૯ ઇપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦,૧૧૪ મુજબ